
# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૧૩

## વતનથી વિદાય થતા



વિદ્યાર્થીનું નામ :

શાળાનું નામ :





# વતનથી વિદાય થતાં

કવિ :- જયંત પાઠક
પ્રકાર :- સૉનેટ
સંદર્ભ :- 'અંતરીક્ષ' માંથી

ને મૂક્યું વન, ને મૂક્યાં વન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
બંધાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ઘણ.

કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;
આંખો ભર ભરાઈ વાટ તરુની કાંટાળી ડાળી નડે;
હૈયું ઉઝરડાય રક્તટશિયા ફૂટે ઘામેથી ઝમે
આઘે વેકુરથી નદીની રજીયે આ આંગળીએ રમે.

ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં
પાછા ઉપરવાસ શક્ય વહવું, પાણી લૂછો નેણનાં;
ભારો લૈ ભૂતનો શિરે વણપૂછ્યે શા વેઠિયા ચાલવું
માથે ધ્યાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

આઘે ખેતર શેઢે બે કર કરી ઊંચા મને વારતી -
એ મારી ભ્રમણા ? વિશાળ શિશુને બોલાવતી બા હતી !!
('અંતરીક્ષ' માંથી)

## શબ્દસમજૂતી

કોઢાર - ઢોરને બાંધવાની જગા
કેડી - સાંકડી પગવાટ, પગદંડી
પાય - પગ
તરુ - ઝાડ
વેકુર - નદીની કાંકરાવાળી ઝીણી રેતી

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page No.
DATE: / /

ઉપરવાસ - પવન કે પાણીના વહનની વિરુદ્ધ દિશા
ભૂત- ભૂતકાળ, થઈ ગયેલું
વેંઠિયા - પગાર મહેનતાણાથી કામ કરનાર

## તળપદા શબ્દો

ભાળવું - જોવું
તલખવું - તલસવું, તડપવું
આઘે - દૂર
લૈ - લઈ
ભીડવું - બંધ કરવું

## શબ્દસમૂહ માટે એક શબ્દ

ગાયોનો સમૂહ- ગોધણ

## સ્વાધ્યાય

1. 1) કવિને શાની ભ્રમણા થાય છે?
-> બે હાથ ઊંચા કરી બોલાવતી માતાની

2) વતનથી વિદાય થતાં કવિ અનુભવે છે...
-> વતન મારેનો તલસાટ

2. 1) વતનથી વિદાય થતાં કવિ શેનાથી દૂર થઈ રહ્યા છે?
-> વતનથી વિદાય થતાં કવિ ઘર, સ્નેહીજનો, ડુંગર, નદી, કોતરો, ખેતર વગેરેથી દૂર થઈ રહ્યા છે.

Scanned with OKEN Scanner

3. 1) કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે કારણ કે...

કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે, કારણ કે વર્ષો સુધી જે વતનમાં રહ્યા તે વતનનું વન, વતનના આંગણામાં, ત્યાંના ડુંગર, નદી, કોતરો, ખેતર વગેરેની તેમને માયા છે. વતનના પરિવેશને તેઓ ભૂલી શકતા નથી. તેની યાદો તેમના હૈયામાં વસી છે. તેમ છતાં વતન છોડવાનું છે એટલે ઘર બંધ કરીને પોતાના નિશ્ચિત સ્થાને જવા પગ ઉપાડે છે, પણ પગ સાથ નથી આપતા

4. 1) વતનથી વિદાય થતા કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

વતનથી વિદાય થતા કવિ વન, જન, ડુંગર, નદી, વતનના કોતરો, ખેતર વગેરે ને આંખોથી વારંવાર મન ભરીને જોઈ લે છે. ઘરને બંધ કરી દે છે. ઢોરને પણ પોતાની કોઢારની મમતા હોય છે, તો કવિને પોતાના વતનની કેમ ન હોય! વતન છોડી આગળ જવા પગ ઉપાડે છે, પણ પગ જાણે સાથ દેતા નથી. મહામહેનતે કવિ આગળ વધે છે ત્યાં રસ્તામાં વૃક્ષની કાંટાળી ડાળી આડી આવે છે. તેમ છતાં જવાનું તો છે જ. એટલે કવિ કહે છે, ચાલો જીવ વહી ગયેલો સમય પાછો આવવાનો નથી. ઉપરવાસ જવાનું જ છે એટલે આંખના આંસુને લૂછી નાખો. વીતી ગયેલા દિવસોની યાદનો ભારો માથે લઈ ગુલામની જેમ આગળ વધો. જુઓ રૂપા કૂતરો પણ વતનની સીમ સુધી જ સાથ આપશે, ત્યાં તેમને આભાસ થાય છે કે દૂર જાણે વિશાળ બાળક ને બે હાથ ઊંચા કરીને તેમની બા તેમને બોલાવતી હતી.

2. "આઘે ખેતર શેઢે બે કર કરી ઊંચા મને વારતો-
એ મારી ભ્રમણા ? વિશાળ શિશુને બોલાવતી હતી !!"

સૉનેટની આ છેલ્લી બે પંક્તિમાં કવિએ વતનની વિદાય લેતા કાવ્ય-નાયકના મનોભાવને સંક્રમ તેમજ માર્મિક વળાંક આપ્યો છે. વતનની યાદમાં તડપતા કવિને વતન છોડવું ગમતું નથી. તેમ છતાં મજબૂરીથી છોડે છે. ત્યારે છેલ્લી વાર તેઓ દૂરના ખેતર તરફ જુએ છે. ત્યાં બે હાથ ઊંચા કરી બા તેમને જતાં અટકાવતી દેખાય છે. કવિને થાય છે કે મારી ભ્રમણા તો નથી ? એમને આભાસ થાય છે કે જાણે પોતે કોઈ વિશાળ બાળક હોય ને મા બે હાથ ઊંચા કરી બોલાવતી ન હોય! બાળપણની મા સાથેની કોઈ સ્મૃતિએ આવી કવિના મનને જકડી લીધું હતું. પંક્તિનો આ અંતિમ શબ્દો કવિની કરુણાજનક વિવશ પરિસ્થિતિના દ્યોતક છે.

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION